सत्यमेव जयते

# કર્મચારીઓ માટે ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના બાબતની સંકલિત સૂચનાઓ.

ક્રમાંકઃ–પગર–૧૦૨૦૧૫–૬૦૫૫૧૫–મ

ગુજરાત સરકાર

નાણા વિભાગ

બ્લોક નં. ૪/૫, સરદાર ભવન

સચિવાલય, ગાંધીનગર.

તા.૩૦.૯.૨૦૧૫

## કર્મચારીઓ માટે ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના બાબતની સંકલિત સૂચનાઓ

**૧.** તા.૨.૭.૨૦૦૭ના ઠરાવથી દાખલ કરવામાં આવેલ ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણ આપવા અંગેની **યોજના કોને લાગુ પડશે :-**

(૧) જે જગ્યાનો પગાર અથવા પગાર માળખાનો મહત્તમ તબક્કો (રૂ.૩૪,૮૦૦ વત્તા ૪૬૦૦) માસિક રૂ.૩૯,૪૦૦/- કરતાં વધતો ન હોય તેવી જગ્યાઓને આ યોજના લાગુ પડશે.

(૨) આ યોજના હેઠળ મળવાપાત્ર ઊંચામાં ઊંચું પગાર માળખું રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ પે બેન્ડ વત્તા ૫૪૦૦ ગ્રેડ પે ના પગાર માળખાથી વધશે નહિં. આ પગાર માળખું રૂ.૯૩૦૦-૩૪૮૦૦ પે બેન્ડ વત્તા ૪૬૦૦ ગ્રેડ પે ના પગાર માળખાવાળી જગ્યાઓ જેનું બઢતીની જગ્યાનું પગાર માળખું રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ પે બેન્ડ વત્તા ૫૪૦૦ ગ્રેડ પે વાળું હોય કે એથી વધુ હોય એને મળવાપાત્ર થશે. રૂ.૬૫૦૦-૧૦૫૦૦ પગાર ધોરણનું સુધારેલ પગાર માળખું રૂ.૯૩૦૦-૩૪૮૦૦ પે બેન્ડ વત્તા ૪૬૦૦ ગ્રેડ પે ના પગાર માળખાવાળી જગ્યા કે જેની બઢતીની જગ્યાનું પગાર ધોરણ સુધાર્યા પૂર્વનું રૂ.૮૦૦૦-૧૩૫૦૦, રૂ.૮૦૦૦-૧૪૦૫૦ અને રૂ. ૮૫૦૦-૧૪૦૦૦ પગાર ધોરણ છે તે જો વર્ગ-૨ ની જગ્યાનું હોય તો વધુમાં વધુ રૂ.૯૩૦૦-૩૪૮૦૦ વત્તા ૫૪૦૦ ગ્રેડ પે અને જો આવી જગ્યા વર્ગ-૧ની હોય તો રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ પે બેન્ડ વત્તા ૫૪૦૦ ગ્રેડ પે ઉચ્ચતર પગાર માળખા તરીકે મળવાપાત્ર થશે. રૂ.૯૩૦૦-૩૪૮૦૦ પે બેન્ડ વત્તા ૪૬૦૦ ગ્રેડ પે ના પગાર માળખાવાળી જગ્યાઓના કેસમાં જો કોઇ બઢતીની જગ્યા ન હોય તો રૂ.૯૩૦૦-૩૪૮૦૦ પે બેન્ડ વત્તા ૫૪૦૦ ગ્રેડ પે ઉચ્ચતર પગાર માળખા તરીકે મળવાપાત્ર થશે.

(૩) આ યોજના રાજ્ય સરકારના કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિનસરકારી શાળા/કોલેજના બિનશૈક્ષણિક કર્મચારીઓ કે જેઓના સામાન્ય ભવિષ્ય નિધિના હિસાબો તા.૫/૭/૯૧ના રોજ રાજ્ય સરકાર હસ્તક હતા તેવા કર્મચારીઓને લાગુ પડશે.

તે ઉપરાંત આવા ઉપર જણાવેલા કર્મચારીઓ, કે જેઓને નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રઃનપન/૨૦૦૩/૧૦/પી, થી અમલમાં આવેલ વર્ધિત પેન્શન લાગુ પડે છે તેઓને ઉચ્ચતર પગાર ધોરણની આ યોજના લાગુ પડશે.

(૪) આ યોજનાનો લાભ પંચાયત કર્મચારીઓ અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપર અથવા તબદીલ થઇને આવેલા કર્મચારીઓને યોગ્ય ફેરફાર સાથે આપવામાં આવશે. આ હુકમોને કારણે થનાર ખર્ચ, સહાયક અનુદાનની ગણતરીના નિયત ધોરણો મુજબ માન્ય ખર્ચ તરીકે ગણાશે.

(૫) આ યોજના કામ પૂરતા મહેકમ પરના કર્મચારીઓ (WORKCHARGE ESTABLISHMENT)ને લાગુ **નહિ** પડે.

(૬) શિક્ષકોને નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર-૧૧૯૪-૪૫-મ, તા.૧૬-૮-૯૪ મુજબ ઉચ્ચતર પગાર ધોરણની યોજના અન્વયે પાત્રતાનુસાર ૯, ૨૦ અને ૩૧ વર્ષે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગાર માળખું તે ઠરાવની અન્ય શરતોને આધિન મળવાપાત્ર થશે.

## ૨. ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટેના ધોરણો :-

(૧) માન્ય પધ્ધતિ દ્વારા ભરતી કરવામાં આવેલ હોય તેવી અને પ્રવરતાના હેતુ માટે ગણતરીમાં લેવાતી નિયમિત અને એક જ સંવર્ગ, એક જ પગાર ધોરણમાં કરેલી સેવા આ યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણ આપવાના હેતુ માટે ગણતરીમાં લેવામાં આવશે.

(૨) જે કર્મચારી એક જ સંવર્ગ અને એક જ પગાર ધોરણમાં તા.૨.૭.૨૦૦૭ના હુકમોની રવાનગીની તારીખના રોજ કે ત્યારબાદ નિયમિત સેવાના ૧૨ વર્ષ પૂરા કરે અને ૧૨ ઈજાફા મેળવે તેને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે.

**પરંતુ,** ૧૨ વર્ષે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરતી વખતે કર્મચારીને એક કરતા વધુ બઢતી મળેલી હોવી **ન** જોઇએ.

(૩) બીજું ૨૪માં વર્ષેનું ઉચ્ચતર પગાર ધોરણ પહેલુ ઉચ્ચતર ધોરણ મળ્યાની તારીખથી બીજા ૧૨ વર્ષે મળવાપાત્ર થશે.

**પરંતુ,** તે અગાઉ કર્મચારીએ એક કરતા વધુ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મેળવેલ હોવા જોઇએ **નહીં.**

(૪) નાણા વિભાગના તા.૨.૭.૨૦૦૭ના ઠરાવની રવાનગીની તારીખ પહેલા ૯ વર્ષની સેવા પૂર્ણ કરેલ કર્મચારીઓને નાણા વિભાગના તા.૧૬/૮/૯૪ના ઠરાવ ક્રમાંક/પગર/૧૧૯૪/૪૪/મ અન્વયે ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

(૫) નાણા વિભાગના તા.૧૬/૮/૯૪ તેમજ તા.૧/૪/૨૦૦૪ના ઠરાવ ક્ર:પગર/૧૧૨૦૦૪/ ૮૨/મ ના ઠરાવની જોગવાઇઓ મુજબ જે કર્મચારીને ૯ વર્ષે પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળી ગયેલ હશે તેને તા.૨.૭.૨૦૦૭ના ઠરાવ હેઠળ બીજું ઉચ્ચતર પગાર ધોરણ ૯ વર્ષે મળેલ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણની તારીખના ૧૫ વર્ષ બાદ એટલે કે ૨૪ વર્ષે મળવાપાત્ર થશે.

(૬) તા.૨.૭.૨૦૦૭ના હુકમોની રવાનગીના રોજ અને ત્યારબાદથી ૯ વર્ષની સેવા પૂર્ણ કરનાર કર્મચારીઓને આ હુકમોની જોગવાઇઓ હેઠળ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ ૧૨ વર્ષે મળવાપાત્ર થશે. આ બાબતે વિકલ્પ આપવાની કોઇ જોગવાઇ કરવામાં આવતી નથી.

(૭) ત્રૂટક ત્રૂટક બઢતીના કિસ્સામાં આવી બઢતીનો સમયગાળો જો ઈજાફાના હેતુ માટે ગણતરીમાં લેવાતો હોય તો ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા માટે નીચલા સંવર્ગની સેવા માટે ધ્યાનમાં લેવાશે; પરંતુ ઉપલા સંવર્ગમાં ઉચ્ચતર પગાર ધોરણની ગણતરી માટે આવી સેવા ધ્યાનમાં લેવાશે નહીં.

(૮) તા.૧/૭/૨૦૦૭ સુધી કર્મચારીઓને નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર-૧૧૯૪-૪૪-મ, તા.૧૬/૮/૯૪ મુજબ ઉચ્ચતર પગાર ધોરણની યોજના અન્વયે પાત્રતાનુસાર ૯, ૧૮ અને ૨૭ વર્ષે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગાર માળખું ઠરાવની અન્ય શરતોને આધિન મળવાપાત્ર થશે.

તા.૨/૭/૨૦૦૭થી કર્મચારીઓને નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ, તા.૨/૭/૨૦૦૭ મુજબ ઉચ્ચતર પગાર ધોરણની યોજના અન્વયે પાત્રતાનુસાર ૧૨ અને ૨૪ વર્ષે પ્રથમ અને દ્વિતીય ઉચ્ચત્તર પગાર માળખું ઠરાવની અન્ય શરતોને આધિન મળવાપાત્ર થશે.

**૩. બઢતીની પરીક્ષા તથા કોમ્પ્યુટર પરીક્ષા પાસ કરવા અંગેઃ-**

(૧) બઢતીના હેતુ માટેની ખાતાકીય પરીક્ષા કર્મચારી પોતાના સંવર્ગમાં ૧૨ વર્ષ પૂરા કર્યા બાદ પાસ કરે તે કિસ્સામાં આવી પરીક્ષા પાસ કર્યાની તારીખે પાત્રતાના આધારે ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે.

(૨) દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણના કિસ્સામાં; જે કર્મચારીઓ ૨૪ વર્ષે બીજું ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવવા માટેની અન્ય શરતો પરિપૂર્ણ કરતા હશે તે કર્મચારીઓએ બઢતી માટેની ખાતાકીય પરીક્ષા પાસ ન કરી હોય તો પણ તેમને પાત્રતાની તારીખથી નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરવાની શરતે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરી શકાશે; **પરંતુ**

ખાતાકીય પરીક્ષા પાસ કર્યા સિવાયના જે કર્મચારીઓને ૨૪ વર્ષે બીજું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવામાં આવેલ હશે તેઓને ખાતાના વડાની કચેરીઓ તેમજ વહીવટી વિભાગો બનતી ત્વરાએ ખાતાકીય પરીક્ષાની તાલીમમાં મોકલી તેઓની ખાતાકીય પરીક્ષા લેવાની વ્યવસ્થા ગોઠવશે. આવા કર્મચારીઓએ ખાતાના વડાની કચેરી કે વહીવટી વિભાગ દ્વારા ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરાયા બાદ તુર્ત જ યોજાનાર ખાતાકીય પરીક્ષા(ઓ)માં ફરજીયાત ઉપસ્થિત રહી, સંબંધિત ખાતાકીય પરીક્ષા નિયમોમાં નિર્દિષ્ટ તકોમાં ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે અને આવી નિયત તકો, સંબંધિત કર્મચારીએ ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મેળવ્યા બાદ તુર્ત જ લેવાનારી ક્રમિક ખાતાકીય પરીક્ષાઓમાં અનિવાર્યપણે ઉપસ્થિત થઈને પસાર કરવાની રહેશે.

(૩) ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવેલ આવા કર્મચારી બઢતી માટેની ખાતાકીય પરીક્ષા નિયત તકોમાં પાસ ન કરે ત્યારે તેને તેના મૂળ સંવર્ગના એટલે નીચેની જગ્યાના પગાર ધોરણમાં પાછા હટાવવામાં આવશે તેમજ તેને આ યોજના હેઠળ ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ ન મળ્યો હોત તો, નીચલા પગાર ધોરણમાં મળતો હોત તે મૂળ પગાર મળવાપાત્ર થશે. આમ છતાં નીચલા પગાર ધોરણમાં પાછા હટાવવાને કારણે સંબંધિત કર્મચારીએ તેને મળવાપાત્ર નિયત તક જેટલા સમયગાળા માટે ઉચ્ચત્તર પગાર ધોરણમાં પગાર અને ભથ્થા મેળવ્યા હશે તે રકમની વસુલાત કરવાની રહેશે નહીં.

(૪) કર્મચારીને ૨૪ વર્ષ સુધીમાં એકપણ બઢતી મળેલ ન હોય ત્યારે, ૨૪ વર્ષે બીજા ઉચ્ચતર પગાર ધોરણની વિચારણા કરતી વખતે, પાત્રતાની તારીખે કર્મચારી જે સંવર્ગમાં હોય તે સંવર્ગની હોય તે એકંદર કામગીરી અને ખાનગી અહેવાલ જોવાના રહેશે. **ઉદાહરણ તરીકેઃ–**

- સચિવાલયના સામાન્ય ફરજ કારકુનને નાયબ સેકશન અધિકારી તરીકે બઢતી મળ્યા વિના સેવામાં ૨૪ વર્ષ પૂર્ણ થતાં સેકશન અધિકારીની જગ્યાનું બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે નાયબ સેકશન અધિકારી તરીકે કામગીરી તેમજ તે જગ્યાના ખાનગી અહેવાલ ધ્યાને લેવાને બદલે સામાન્ય ફરજ કારકુનની જગ્યા ઉપરની એકંદર કામગીરી અને તે જગ્યા ઉપરના ખાનગી અહેવાલો જોવાના રહેશે.

- સચિવાલયના સામાન્ય ફરજ કારકુનને, નાયબ સેકશન અધિકારીની જગ્યામાં બઢતી મળેલ હોય તથા ૨૪ વર્ષે સેકશન અધિકારીની જગ્યાનું બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું હોય, તો તે માટે નાયબ સેકશન અધિકારીની જગ્યા ઉપરની એકંદર કામગીરી અને તે જગ્યાના ખાનગી અહેવાલ જોવાના રહેશે તથા તેમાં ખૂટતી કામગીરી અને ખાનગી અહેવાલ માટે સામાન્ય ફરજ કારકુનની જગ્યાની કામગીરી અને ખાનગી અહેવાલ જોવાના રહેશે.

(૫) ૧૨ કે ૨૪ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવવા પાત્ર કર્મચારીઓના કિસ્સામાં સંબંધિત કર્મચારીએ લાગુ પડતી કોમ્પ્યુટર પરીક્ષા પસાર કરેલી હોય તો તેને ઉચ્ચતર પગાર ધોરણ પાત્રતાની મૂળ તારીખથી મંજુર કરી શકાશે; જો તેણે લાગુ પડતી કોમ્પ્યુટર પરીક્ષા પસાર ન કરેલ હોય તો સામાન્ય વહીવટ વિભાગની કોમ્પ્યુટર પરીક્ષા અંગેની પ્રવર્તમાન સૂચનાઓને સુસંગત રહીને કામગીરી કરવાની રહેશે.

(૬) વિભાગો દ્વારા નિયમિત રીતે ખાતાકીય પરીક્ષાઓ યોજી શકાય તે માટે વિભાગોએ ખાતાકીય પરીક્ષાના નિયમો તૈયાર કરેલા હોવા જોઇશે. જો કોઇ વિભાગ દ્વારા બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓ અંગેના નિયમો બનાવેલ ન હોય અથવા તો તે અપૂરતા હોય તો તે અંગેની કાર્યવાહી તા.૧૨.૮.૨૦૦૮નો ઠરાવ રવાના થયા તારીખથી **૬(છ)** મહિનામાં પૂર્ણ કરવાની રહેશે.

**૪. સ્વૈચ્છિક નિવૃત્તિઃ–**

(૧) ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવેલ કર્મચારીએ બઢતીની ખાતાકીય પરીક્ષા તેમજ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કર્યા પહેલા સ્વૈચ્છિક નિવૃત્તિ મેળવવી હશે તો તેઓએ મેળવેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ જતો કરવાનો રહેશે અને તેમણે મેળવેલ નાણાંકીય લાભ પરત કરવાનો રહેશે. ગુજરાત રાજ્ય મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ના નિયમ–૨૮ની જોગવાઇ આ પ્રકારના કેસોમાં લાગુ પડશે નહીં. સંબંધિત કર્મચારીએ આ સાથે રાખેલ અનુસૂચિ–૫ મુજબની બાંહેધરી આપવાની રહેશે.

## ૫. ઈજાફાની ગણતરીઃ-

(૧) બિનપગારી રજાનો સમય ઈજાફા પાત્ર ગણાતો ન હોવાથી ઉચ્ચતર પગાર ધોરણ માટે ગણતરીમાં લઈ શકાશે નહીં.

(૨) અગ્રીમ ઈજાફા અને ખાસ ઈજાફાને ૧૨ વર્ષની ગણતરી માટે ધ્યાનમાં લેવાશે નહીં.

## ૬. સેવાની ગણતરીઃ-

(૧) એક જ સંવર્ગમાં એક જ ખાતામાં જગ્યાનું નામાભિધાન અલગ હોય તેવી સેવા ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લઈ શકાશે, પરંતુ પગાર ધોરણ સમાન હોવા છતાં સંવર્ગ બદલાયેલ હોય તેવી અગાઉની સેવાને ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા માટે ગણતરીમાં લઇ શકાશે નહીં.

(૨) અનુમાનિત તારીખ (DEEMED DATE) આ યોજના હેઠળ ૧૨ અને ૨૪ વર્ષની ગણતરી માટે ધ્યાનમાં લઇ શકાશે. જ્યારે પુર્નનિર્ધારિત તારીખ (RE-ADJUSTMENT DATE) આ માટે ગણતરીમાં લઈ શકાશે નહીં.

(૩) ખાતા/કચેરીઓમાં જગ્યાઓ બંધ થવાથી ફાજલ (SURPLUS) થયેલ કર્મચારીની અગાઉના ખાતા/કચેરીની સેવા ધ્યાનમાં લેવાશે નહીં.

## ૭. ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાની સત્તા તથા તેના માપદંડઃ-

(૧) ઉચ્ચતર પગાર ધોરણવાળી જગ્યા ઉપર નિમણૂંક કરનાર સત્તાધિકારી, પાત્ર કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા સક્ષમ ગણાશે.

(૨) કર્મચારી તેની એકંદર કામગીરી, લાયકાતો અને નિયત થયેલ પરીક્ષાઓ પાસ કર્યેથી બઢતી મેળવવા પાત્ર હોવો જોઇએ.

(૩) ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરતી વખતે પ્રવર્તમાન તપાસ પ્રક્રિયા/પસંદગી કાર્યપધ્ધતિ લાગુ પડશે.

(૪) ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરતી વખતે છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલ જોવાના રહેશે.